# શીખવાનો મુદ્દો -5: પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી


## પ્રથમ પોલિંગ ઓફિસર

- તેઓ મતદાર યાદીની માર્ક કરેલી કોપીના ઇનચાર્જ હશે
- મતદાન અધિકારીની ઓળખને લગતી કામગીરી માટે જવાબદાર
- તેઓ મતદાન મથકમાં પ્રવેશે, ત્યાર પછી સૌપ્રથમ મતાધિકારી કામગીરી ચાલુ કરશે

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

## બીજા પોલિંગ ઓફિસર

- ભૂંસી ન શકાય તેવી શાહીના તેઓ ઈનચાર્જ હશે
- બીજા પોલિંગ ઓફિસર મતદારના ડાબા હાથની પહેલી આંગળી પર ભૂંસી ન શકાય તેવી શાહીનું કોઈ નિશાન નથી તે ચકાસશે
- તે પછી તેઓ મતદાતાની ડાબા હાથની પહેલી આંગળી પર તે શાહીનું નિશાન કરશે
- તે આંગળીના પાછળના ભાગે નખની નીચેથી પહેલા વેઢા સુધી નિશાન કરશે
- ફોર્મ 17એ-માં મતદાતાઓના રજિસ્ટરના ઇનચાર્જ



# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

## બીજા પોલિંગ ઓફિસર

- મતદારોની યોગ્ય વિગતો જાળવવા માટે જવાબદાર
- રજિસ્ટરમાં દરેક મતદારની સહી કે અંગૂઠાની છાપ મેળવવી
- મતદાતાની સ્લીપ ઈશ્યૂ કરવી
- ભૂંસી ન શકાય તેવી શાહી લગાવ્યા બાદ અંગૂઠાની છાપ કે સહી લેવી, જેથી મતદાતા મતદાન મથક છોડે તે પહેલાં તે સૂકાઈ જાય

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

## ત્રીજા પોલિંગ ઓફિસર

- તેઓ વોટિંગ મશીનના કન્ટ્રોલ યુનિટના ઇનચાર્જ હશએ
- બીજા પોલિંગ ઓફિસરની બેઠકો હશે તે જ ટેબલ પર તેમની બેઠક હશે
- મતદારની સ્લીપના ક્રમાંક પ્રમાણે જ તેમને વોટિંગ કમ્પાર્ટમેન્ટમાં જવા દેવા અને આ પ્રક્રિયાનો કડક અમલ કરવો
- મતદારના ડાબા હાથની પહેલી આંગળી પર શાહીનું નિશાન કરેલું છે તે પણ તેઓ તપાસશે
- કન્ટ્રોલ યુનિટ પરનું ‘બેલોટ’ બટન દબાવીને તેઓ  વોટિંગ કમ્પાર્ટમેન્ટમાં રાખેલા બેલોટ યુનિટ એક્ટિવેટ કરશે
- મતદાન મથકમાં મતદારોની સંખ્યા ઓછી હોય તેવા સંજોગોમાં ત્રીજા પોલિંગ ઓફિસરની કામગીરી પ્રિસાઇડિંગ ઓફિસર પોતે પણ બજાવી શકે છે

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

## ચોથા અને પાંચમા પોલિંગ ઓફિસર

- તેમનું કામ ફક્ત વોટિંગ મશીન એક્ટિવેટ કરવા માટે 'બેલોટ' બટન દબાવવા પૂરતું સીમિત નથી, પણ દરેક મતદાર વોટર સ્લીપમાં તેમને આપવામાં આવેલા ક્રમાંક મુજબ જ મતદાન કરે તે જોવાની પણ તેમની જવાબદાર છે
- મતદાર યોગ્ય વોટિંગ કમ્પાર્ટમેન્ટમાં જઈને મતદાન કરે તેનું સતત ધ્યાન રાખવું
- મતદાર યોગ્ય પ્રક્રિયાને અનુસરે અને મતદાન સુચારુ રીતે થાય તે જોવાની જવાબદારી આ બે પોલિંગ ઓફિસરની છે
- વિરામના સમયે અને મતદાનના દર કલાકે રજિસ્ટરમાં મતદારોની કુલ સંખ્યા અને કન્ટ્રોલ યુનિટમાં દર્શાવાતી મતોની સંખ્યા સરખાવી લેવી

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

પ્રથમ પોલિંગ ઓફિસર - મતદારોની ઓળખ અને મતદાર યાદીની માર્ક કરેલી કોપીના ઇનચાર્જ

બીજા પોલિંગ ઓફિસર - ભૂંસી ન શકાય તેવી શાહી અને મતદાતાઓના રજિસ્ટરના ઇન-ચાર્જ

ત્રીજા પોલિંગ ઓફિસર - મતદાતાઓની સ્લીપના ઇનચાર્જ

ચોથા પોલિંગ ઓફિસર - લોકસભા ચૂંટણી માટેના કન્ટ્રોલ યુનિટના ઇનચાર્જ

પાંચમા પોલિંગ ઓફિસર - વિધાનસભા ચૂંટણી માટેના કન્ટ્રોલ યુનિટના ઇનચાર્જ

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

## પ્રિસાઇડિંગ ઓફિસરની નિશ્ચિત ભૂમિકા

- બેલોટ યુનિટ્સને તેમના સંબંધિત વોટિંગ કમ્પાર્ટમેન્ટમાં ગોઠવવા
- બેલોટ યુનિટ કે કન્ટ્રોલ યુનિટ જમીન પર ન મૂકી શકાય. તે ટેબલ પર ગોઠવવા જોઈએ
- બેલોટ યુનિટ્સને તેમના સંબંધિત કન્ટ્રોલ યુનિટ સાથે કનેક્ટ કરવા
- પાવરની સ્વિચ ઓન કરવી
- વોટિંગ મશીન ક્લિયર છે અને તેમાં કોઈ મત રેકોર્ડ નથી થયો તેનું મતદાનના પ્રારંભના એક કલાક પહેલાં હાજર ઉમેદવારો કે એજન્ટ્સ સમક્ષ નિદર્શન કરવું
- ઇવીએમ સંપૂર્ણ રીતે કાર્યક્ષમ છે તેની ખાતરી આપવા માટે પોલિંગ એજન્ટ્સ સમક્ષ મોક પોલનું આયોજન કરવું
- મોક પોલનું પરિણામ ક્લિયર કરવું
- મોક પોલનું સર્ટિફિકેટ તૈયાર કરવું (આગામી સ્લાઇડમાં આપેલા સેમ્પલ મુજબ)
- ચૂંટણી પંચની સૂચનાઓ પ્રમાણે, જે મતદાન મથકમાં મોક પોલ ન યોજવામાં આવે, તો તે મતદાન મથકમાં મતદાન રદ કરવું

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

**Mock Poll Certificate**

This is certified that I .................. Presiding Officer at the Polling Station No of -- Assembly Constituency (or the ---Assembly segment under ----- Parliamentary Constituency) conducted the mock poll at ---- AM today, the poll day i.e ---------- following the instructions issued by the Election Commission of India.

A total of ----- votes were polled in the mock poll and after the mock poll I have carefully cleared the memory and the total votes polled showed '0' after clearing the memory.

A. At the time of mock poll the following of polling agents representing the candidates whose names mentioned against the names of such agents were present and I have obtained their signatures.

B. At the time of mock poll the agent of only one contesting candidate was present. After waiting for ten more minutes I conducted the mock poll along with other polling staff at ------ I have mentioned the name of the agent present at the time of mock poll including the name of the candidate whom he represented.

(In case, no agent was present it shall be mentioned " No Polling agent was present at the time of mock poll)

| Name of the agent | Name of the Candidate | Signature of the agent |
|---|---|---|

Date:
Time:

Signature
Name & of the P.O

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

લોકસભા અને વિધાનસભાની ચૂંટણી માટેના કન્ટ્રોલ યુનિટમાં લગાવાયેલા ગ્રીન પેપર સીલ પર ઉમેદવાર કે તેમના પોલિંગ એજન્ટ તેમની સહી કરે તે સુનિશ્ચિત કરવું

વોટિંગ કમ્પાર્ટમેન્ટ્સ બરાબર ગોઠવાયેલા છે અને તેની બહાર ચૂંટણીનું સૂચન કરતા સ્પષ્ટ પોસ્ટર લગાવાયા છે તેની ખાતરી કરી લેવી

બેલોટ યુનિટને તેના સંબંધિત કન્ટ્રોલ યુનિટ સાથે જોડતા કેબલ દરેકને સ્પષ્ટ દેખાય તે રીતે મૂકેલા હોવાની ખાતરી કરવી

મતદાન મથકમાં મતદાનની પ્રક્રિયા દરમિયાન મતદારે તે કેબલ ઓળંગવો ન પડે તેનું પણ ધ્યાન રાખવું

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

કેબલ પૂરેપૂરો દેખાતો હોવો જોઈએ, છૂપાવવામાં ન આવ્યો હોવો જોઈએ. વોટિંગ કમ્પાર્ટમેન્ટમાં તે મતદારને નડે નહીં તેમ બરાબર ગોઠવેલો હોવો જોઈએ

મતદાનની શરૂઆત પૂર્વે પોલિંગ પાર્ટીના સભ્યો ગોઠવાઈ ગયા છે અને તમામ સામગ્રી અને રેકોર્ડ હાથવગા છે અને નિયત સમયે મતદાન ચાલુ થવા માટે સજ્જ છે તેની ખાતરી કરી લેવી

પોલિંગ પાર્ટીના કોઈ સભ્ય કે પોલિંગ એજન્ટને મતદાન મથકમાં આમતેમ ફરવા દેવા નહીં અને તેઓ તેમને ફાળવાયેલી જગ્યા પર બેસે તેનું ધ્યાન રાખવું

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

નિયત કરેલા સમયે મતદાનની શરૂઆત

મતદારોની ગતિવિધિ પર ચાંપતી નજર રાખવી અને સતર્ક રહેવું.
મતદાર મતદાન કર્યા વિના જાય નહીં તેનું ધ્યાન રાખવું

પોલિંગ પાર્ટીનો કોઈ સભ્ય તેમને સોંપેલી ફરજ પૂરી કરવામાં બેપરવાઈ ન રાખે તેનું ધ્યાન રાખવું

બંને કન્ટ્રોલ યુનિટમાં નંખાયેલા કુલ મતોની સમયાંતરે તપાસ કરવી

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

એકીસાથેની ચૂંટણીમાં ફોર્મ 17-સીની સંબંધિત ચૂંટણીની નકલો સંબંધિત પોલિંગ એજન્ટ્સને આપવામાં આવે તેની ખાતરી કરવી

મતદારે બેલોટ યુનિટ સાથે ચેડાં નથી કર્યા તે જાણવા માટે સમયાંતરે બેલોટ યુનિટ તપાસતા રહેવું

મતદાનની કામગીરી પૂરી કરવાનો જે નિયત સમય હોય, તે સમયે જો મતદાર લાઇનમાં ઊભા હોય, તો તેમને મત આપવા દેવો

ઉપરોક્ત પ્રક્રિયા પ્રમાણે છેલ્લા મતદારે મતદાન કર્યા બાદ તેમણે કન્ટ્રોલ યુનિટ પર ‘ક્લોઝ‘ બટન દબાવવું

# પોલિંગ ઓફિસરોને જવાબદારીની સોંપણી

સૂચિત ફોર્મ ધ્યાનપૂર્વક ભર્યા બાદ તેમણે બેલોટ યુનિટને કન્ટ્રોલ યુનિટથી ડિસકનેક્ટ કરવું અને યુનિટ્સને મજબૂત રીતે લગાવેલા ઇલેક્શન લેબલ સાથે તેમને લઈ જવાની સંબંધિત કેસ (કેરિંગ કેસ)માં મૂકવા

એકીસાથેની સામટી ચૂંટણીઓના કિસ્સામાં, કાગળો તૈયાર હોવા જોઈએ અને અલાયદા સીલ કરેલા હોવા જોઈએ

એકીસાથેની ચૂંટણી વખતે તમામ યુનિટ્સ લઈ જવાની કેસ પર બહારની બાજુએ સંબંધિત ચૂંટણીની ઓળખ માટેનાં સ્ટિકર લગાવેલા હોય તેની પ્રિસાઇડિંગ ઓફિસરે ખાતરી કરી લેવી

સૂચિત પ્રક્રિયા પ્રમાણે તમામ સીલબંધ યુનિટ્સ અને ઇલેક્શન રેકોર્ડ રિસેપ્શન સેન્ટર પર રિટર્નિંગ ઓફિસરને સુપરત કરવામાં આવે, તે પ્રિસાઇડિંગ ઓફિસરે સુનિશ્ચિત કરવું

# પ્રિસાઇડિંગ ઓફિસરની નિશ્ચિત ભૂમિકા

